



ઈશીતા જિગ્નેશ પટેલ, અમદાવાદી પોળ


કાવ્યા પટેલ, અમદાવાદી પોળ


કાવ્યા રાવલ, યજ્ઞપુરુષ રેસીડેન્સી, હરણી


નીલકંઠેશ્વર મહાદેવ ફળિયુ ડભોઇ


ઝારોલા વાગા ભંગાળા ફળિયુ ડભોઇ


બાળ ગણેશ યુવક મંડળ, પટેલ વાગા ડભોઇ

### આર્કિટેક્ચર ડિપાર્ટમેન્ટમાંથી ખાલી શરાબની બોટલો મળી આવી

# MSU દારૂની બોટલનો મુદ્દો : NSUI દ્વારા ફેકલ્ટીના હેડના રાજીનામાની માગણી

**અગાઉ** પણ આવી પ્રવૃત્તિ થઈ ગઈ હોવા છતાં પણ કોઈ પગલાં નહીં લેવામાં આવતા વિરોધ :

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

એમ.એસ.યુનિવર્સિટીના આર્કિટેક્ચર ડિપાર્ટમેન્ટ માંથી નશીલા પદાર્થોની ચીજ વસ્તુઓ મળી આવતા અનેક સર્જાયા છે. ત્યારે બુધવારે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા ઉગ્ર વિરોધ સાથે ડિપાર્ટમેન્ટના હેડના રાજીનામાની માંગણી કરી હતી.

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીના આર્કિટેક્ચર ડિપાર્ટમેન્ટ માંથી દારૂની બોટલો તેમજ નશીલા પદાર્થ(સિગારેટ) ના પેકેટો મળી આવ્યા હતા.જેની જાણ સત્તાધીશોને ગઈકાલેજ કરવામાં આવી હતી, સાથે સાથે રજુઆત કરવામાં આવી હતી કે ગણતરીના કલાકોમાં આમાં જે પણ વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરો સંડવાયેલા હોય તેમના પર કડક પગલાં ડીન દ્વારા લેવામાં આવે. પરંતુ કોઈ પણ પ્રકારના પગલાં હજુ સુધી લેવામાં આવ્યા નથી. ત્યારે, અગાઉના દિવસો દરમિયાન આજ ડિપાર્ટમેન્ટ માંથી કેટલાક પ્રોફેસરો સિગારેટનું ખુલ્લેઆમ વ્યસન કરતા વિડિઓ પણ વાયરલ થયો હતો. જેની જાણ પણ કરવામાં આવી હતી. પરંતુ,ત્યારે સત્તાધીશો દ્વારા કોઈ પણ પગલાં લેવામાં આવ્યા ન હતા. જેથી આ પ્રકારની તમામ પ્રવૃત્તિઓ રહેમ નજરના હેઠળ થઈ રહી હોય તેવું સ્પષ્ટ પણે લાગી આવે છે. જેથી દિવસે દિવસે આર્કિટેક્ચર ડિપાર્ટમેન્ટ પર અસામાજિક તત્વોની અવર જવર વધી છે. જેથી NSUIએ એચઓડીના રાજીનામાંની માંગ કરી હતી.



# વિશ્વામિત્રી બચાવો સમિતિ દ્વારા વિશ્વામિત્રી નદીની સફાઈ કરશે

**મ્યુનિ.** કમિશનર અને કલેકટર કામગીરીમાં નિષ્ફળ નિવડતાં નાગરિકો સાથે મળી સફાઈ કરશે

(પ્રતિનિધિ) વડોદરા તા.11

ગત ઓગસ્ટ મહિનામાં 26-27-28 તારીખે વડોદરા શહેરની વિશ્વામિત્રી નદીમાં જે પ્રકારે પૂર આવ્યું અને સમગ્ર શહેર જળબંબાકાર થયું હતું. શહેરના નાગરિકોનો જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ત્યારે હવે વિશ્વામિત્રી - વડોદરા બચાવો સમિતિ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરીને અગત્યની જાહેરાત કરવામાં આવી છે. જેમાં તેમના દ્વારા શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીને સાફ કરવાની ઝુંબેશ ઉપાડી હોવાની માહિતી આપી હતી.

એડવોકેટ નીરજ જૈન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે વિશ્વામિત્રી નદીમાં આવેલ પુર એ માનવસર્જિત હતું કેમકે વિશ્વામિત્રી નદીમાં ગંદકીનું સામ્રાજ્ય છે અને જે પ્રકારે નદીના તટ પર દબાણ વધી ગયા છે તે કારણે જ વિશ્વામિત્રી નદીમાં પૂર આવ્યું હતું અને શહેરના લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. વડોદરા કોર્પોરેશન દ્વારા પ્રી મોન્સૂનની બોગસ કામગીરી કરવામાં આવી હતી. વિશ્વામિત્રી નદીની જવાબદારી વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અને વડોદરા જિલ્લા કલેકટર ની હોય છે પરંતુ આ બંને જવાબદાર વ્યક્તિ કામગીરીમાં નિષ્ફળ નિવડ્યા છે. જેથી હવે શહેરના નાગરિકો સાથે મળીને વિશ્વામિત્રી નદીની સફાઈ કરાશે. જે માટે ઘણા બધા નાગરિકો આગળ આવીને વિશ્વામિત્રી - વડોદરા બચાવો સમિતિને મદદ કરી રહ્યા છે. સમિતિ દ્વારા પ્રથમ તો વડોદરા મહાનગરપાલિકા અને વડોદરા જિલ્લા કલેકટર પાસેથી વિશ્વામિત્રી નદીની સાફ-સફાઈ માટે પરવાનગી માગશે સાથે જ આ બાબતે મુખ્યમંત્રીને પણ પત્ર લખવામાં આવશે. અને વડોદરા શહેરના જાગૃત નાગરિક તરીકે અમે વિશ્વામિત્રી નદીની સફાઈ કરીએ તેમાં કંઈ જ ખોટું નથી. વિશ્વામિત્રી નદી ની સફાઈ કરવાથી એટલો ફાયદો તો થશે તે વિશ્વામિત્રી નદી માં જે ગંદકી છે તે દૂર થશે અને કારણે નદીના પાણીનું જે વહેણ અટકતું હોય તે પણ દૂર થશે.

### યુવતીએ મનપસંદ યુવક સાથે હાલોલ ખાતે કોર્ટ મેરેજ કર્યા હતા

# ગોત્રીની યુવતીને પતિ સહિતના સાસરીયા દ્વારા અપાતો શારીરિક માનસિક ત્રાસ

**સમાધાન** કરી પરીણિતાને પરત લાવતા એક્ટિવા, સોનાની ચેઇન વિટી માગી હેરાનગતિ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

ગોત્રી વિસ્તારમાં રહેતી યુવતી પ્રેમ લગ્ન કરવા યુવતી સાથે નાની નાની બાબતોમાં પતિ સહિતના સાસરીયા ઝઘડો કર્યા બાદ મારઝૂડ શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. એકવાર સમાધાન કરી પરત લાવ્યા બાદ સાસરીયામાં સુધાર આવ્યા ન હતા અને પરીણિતા પાસે એકટીવા, સોનાની ચેન, બે સોનાની વીંટી પિયરમાથી લઈ આવ તેમ કહી ફરી હેરાન કરતા કંટાળીને પરીણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના ગોત્રી ગામની પાછળ લક્ષ્મીનગર-1 સોસાયટીમાં રહેતા ક્રિષ્નાબેન પટેલ વર્ષ 2018માં ગાયત્રી સ્કૂલમાં 10માં ધોરણમાં અભ્યાસ કરતા હતા. તે દરમિયાન સોસાયટીમાં રહેતા કેતન તથા કેતનની બહેન પારુલ મિત્રતા થઈ જતા પારુલ અને યુવતી એકબીજાના ઘરે આવતા જતા હતા. દરમ્યાન પારુલના ભાઈ કેતન સાથે મુલાકાત થતા બે મહિના બાદ કેતન સથે બંને વચ્ચે વાતચીત શરૂ થઈ અને આશરે 3 થી 4 વર્ષ સુધી એકબીજાના સંપર્કમાં રહયા હતા. દરમ્યાન બન્ને વચ્ચે પ્રેમ સંબંધ બાબતે પરિવાર વિરુદ્ધમાં હોય લગ્નની વિરુદ્ધ હતા. જેથી બંને ભાગીને હાલોલ ખાતે વર્ષ 2020માં કોર્ટ મેરેજ કર્યા કરી લીદા હતા. ત્યારબાદ યુવતી યુવતી તેના પતિ સાથે ભરૂચ ખાતે તેના ફોઈ ગંગાબેનના ઘરે અઠવાડિયું રોકાયા બાદ વડોદરા ખાતે સાસરીમા રહેવા માટે ગઈ હતી. ત્રણ વર્ષ સુધી અમારો ઘર સંસાર સારી રીતે ચાલ્યો હતો. લગ્નના ત્રણ વર્ષ બાદ દીકરી દીયાનાનો જન્મ થયો હતો. છ મહિના ભાદ મારી નણંદની છોકરીના જન્મ પર સાસુ સસરાએ એક તોલાની સોનાની ચેન આપી હતી અને તેમની છોકરી ચાર ગ્રાની સોનાની ચેન આપી હતી. જેથી નણંદ સાથે મારે સામાન્ય વાતચીત થતા નણંદે ભાભી સાથે ઝઘડો કરી કર્યો હતો. ત્યારબાદ પતિ અને સસરા, નણંદ તથા દિયર પણ ઝઘડો કરી મારામારી કરવા લાગ્યા હતા. પતિની સાસરી પક્ષના લોકો દ્વારા ચડામણી કરતા પતિ તેમની મારઝૂડ કરતો હતો. જેથી પતિ સહિત સાસરીયા વધુ શારીરિક માનસિક ત્રાસ આપતા છૂટાછેડા લેવાનું નકકી કર્યું હતું પરંતુ પતિએ ઝઘડો નહીં કરે તેમ જણાવતા દીકરીના ભવિષ્યનો વિચાર કરી પતિ સાથે સમાધાન કરી સાસરીમાં રહેવા ગઇ હતી. પરંતુ સાસરવાળામાં કોઈ ફરક પડ્યો ન હતો. પતિ સહિત સાસરીયા એકટીવા, સોનાની ચેન, બે સોનાની વીંટી પિયરમાથી થઈ આવવાનું કહીને હેરાન કર્યા બાદ પતિએ વાળ પકડીને માર મારતા સોસાયટીના લોકોએ તેમના પિતાને ફોન કરતા તેઓ સ્થળ પર આવી દીકરીની સારવાર કરાવી હતી. જેથી પરીણિતાએ ગોત્રી પોલીસ સ્ટેશનમાં પતિ સહિત સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### સીસીટીવી કેમેરાના આધારે પોલીસે ગણતરીના સમયમાં ઝડપી પાડ્યો

# કારેલીબાગના ક્રોમા સેન્ટરમાંથી નજર ચૂકવી મોબાઈલ ચોરનાર ઝડપાયો

**અન્ય** ગ્રાહકો ખરીદી કરવા માટે આવતા તેમના તરફ ધ્યાન ન રહેતા મોબાઈલ સેરવી રફુચક્કર થઈ ગયો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરાના કારેલીબાગ એલ એન્ડ ટી સર્કલ પાસે આવેલા ક્રોમા સેન્ટરમાં ખરીદી કરવાના બહાને ગ્રાહકના સ્વાંગમાં આવેલા ગઠિયો કર્મચારીની નજર ચૂકવી રૂ.23 હજારના મોબાઈલની ચોરી કરી રફુચક્કર થઈ ગયો હતો. જોકે મોલમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં ચોર કંડારાઈ ગયો હોય હરણી પોલીસે મોબાઈલ ચોરને ગણતરીના સમયમાં જ ઝડપી પાડ્યો હતો.

મૂળ મહારાષ્ટ્રના આનંદ વિરેન્દ્ર કનોજીયા સમા વિસ્તારમાં રહે છે અને કારેલીબાગ ખાતે આવેલા ક્રોમા સેન્ટરમાં મેનેજર તરીકે નોકરી કરે છે. ગત 8 સપ્ટેમ્બરના રોજ તેઓ નોકરી પર હતો અને ત્યારે સાંજના સમયે ક્રોમા સેન્ટરમાં હાજર હતા. તે દરમિયાન નરેન્દ્ર શાંતિલાલ સિંધા (રહે.દિવાળીપુરા)મોબાઇલ ખરીદવા માટે આવ્યો હતો અને સેમસંગ કંપની મોબાઈલ બતાવો તેમ જણાવ્યું હતું. ત્યારે સ્ટાફમાં નોકરી કરતા પ્રતિભા પ્રસાદે મોબાઈલ બતાવ્યો હતો. દરમિયાન સેન્ટરમાં અન્ય ગ્રાહકો ખરીદી કરવા માટે આવતા તેમના તરફ ધ્યાન ન રહેતા મોબાઈલ લેવા માટે આવેલો ગઠિયો નરેન્દ્ર શાંતિલાલ સિંધા (રહે.દિવાળીપુરા) વન પલ્સનો રૂપિયા 23 હજારનો મોબાઈલ છુપી રીતે ચોરી કરીને લઈ ગયો હતો. જોકે ક્રોમા સેન્ટરમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં મોબાઈલ ચોર ગઠિયો કંડારાઈ ગયો હતો. મેનેજરે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજની આધારે મોબાઈલની ચોરી કરનાર નરેન્દ્ર શાંતિલાલ સિંધા (રહે.દિવાળીપુરા) ઝડપી પાડ્યો છે.



# કપુરાઈ ચોકડી પર ટ્રક ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા અકસ્માત



(પ્રતિનિધિ) વડોદરા,તા.11

વડોદરાના કપુરાઈ રેલવે બ્રિજ ખાતે અકસ્માતની ઘટના બની હતી. ટ્રક ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. સદનસીબે જાનહાનિ થતા ટળી હતી.

વડોદરા શહેર નજીક કપુરાઈ રેલવે ઓવર બ્રિજ ખાતે બુધવારે બપોરે અકસ્માતની ઘટના બની હતી પસાર થઈ રહેલા એક ટ્રક ચાલકે સ્ટેરીંગ પરનો કાબો ગુમાવ્યો હતો.જેના કારણે અકસ્માત સર્જાયો હતો.ટ્રક બ્રિજની રેલિંગ સાથે ધડાકા ભેર અથડાઈ હતી. ઘટનાને પગલે લોકટોળા ઉમટી પડ્યા હતા.અકસ્માત થતા ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. અકસ્માતમાં ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો.

### તહેવારોને લઇ રેલવે એસપીએ થાણા અમલદારો સાથે શાંતિ સમિતિની બેઠક યોજી

# ગણેશોત્સવ અને ઈદે મિલાદને લઈને પોલીસ દ્વારા રેલવે સ્ટેશને ચેકિંગ કરાયું

અનિચ્છનીય બનાવ ના બને તેની તકેદારી રાખવા સુચના

(પ્રતિનિધિ) વડોદરા તા.11

હાલમાં ચાલી રહેલા ગણેશોત્સવ તથા આગામી ઈદ-એ-મિલાદના તહેવાર અન્વયે પશ્ચિમ રેલ્વે પોલીસ વડોદરાના પોલીસ અધિક્ષક સરોજ કુમારી દ્વારા કાયદો અને વ્યવસ્થા સબંધે જરૂરી આગોતરા પગલા લેવામાં આવ્યા છે. જેમાં કેટલાક પોલીસ સ્ટેશન સંવેદનશીલ છે અને અવરજવર પણ વધુ રહેતી હોય કોઈ અનિચ્છનીય બનાવ ના બને માટે ફુટ પેટ્રોલિંગ સાથે વાહનો સહિતની જગ્યા પર ચેકિંગ કરવા માટેની સૂચના આપી હતી .જેના આધારે પોલીસ દ્વારા રેલવે સ્ટેશન વિસ્તારમાં ચેગિંક કરાયું હતું.



પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરા હસ્તકમાં 10 પોલીસ સ્ટેશનો આવેલા છે. જેમાં વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ, વાપી, આણંદ, નડિયાદ, ગોધરા, દાહોદ, ડભોઈ રેલ્વે પોલીસ સ્ટેશનો સમાવેશ છે. આ પૈકી ઘણા પોલીસ સ્ટેશનો સંવેદનશીલ છે અને મુસાફરોની અવર-જવર પણ વધુ રહેતી હોય છે. હાલમાં હિંદુ ધર્મનો તહેવાર ગણપતિ ઉત્સવ ચાલી રહ્યો છે અને આગામી સમયમાં ગણપતિનું વિસર્જન થનાર છે. તેમજ નજીકના સમયમાં મુસ્લીમ સમાજનો ઈદ-એ-મિલાદનો તહેવાર પણ આવી રહ્યો છે. જેને ધ્યાનમાં લઈને કાયદો અને વ્યવસ્થા ન જોખમાય અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાના પોલીસ અધિક્ષક સરોજ કુમારીએ તાબાના તમામ પોલીસ સ્ટેશનોમાં થાણા અમલદારઓને જરૂરી સુચનો કરી શાંતી સમિતીની બેઠકો યોજવામાં આવી હતી. ઉપરાંત તકેદારીના ભાગરૂપે થાણા અમલદારઓને પોલીસ કર્મચારીઓને સાથે રાખી પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર વિસ્તારમાં ફુટપેટ્રોલીંગનું આયોજન કરવામાં આવ્યુ હતું તેમજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવતા જતાં વાહનોનું સઘન ચેકીંગ પણ હાથ ધરાયું હતુ. કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સબંધે જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

# કુર્તામાંથી મોબાઈલ પડતા રિક્ષા ચાલક-મહિલા લઈને ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.11


ઈલેક્ટ્રિક્ટ એન્જિનિયર આધેડના કુર્તાના ખિસ્સામાંથી પડી ગયેલો મોબાઇલ તેમના ભાઈને મળતા રિક્ષા ચાલક તથા એક મહિલાએ તેમનો મોબાઇલ છે તેવુ કહીને લઈને ફરાર થઇ ગયા હતા. આધેડે પોલીસ ફરિયાદ નોંધાવી છે.


વડોદરા શહેરના ગોત્રી રોડ પર આવેલી રાધેશ્યામ સોસાયટીમાં રહેતા જયેન્દ્ર રજનીકાંત છાજેડે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે આદિત્ય બિરલા કંપનીમાં ઈલેક્ટ્રિક્ટ એન્જિનિયર તરીકે નોકરી કરે છે કે હુ મે મારી પુત્રીના નામ પર મોબાઈલ ખરીદ કર્યો હતો. 8 સપ્ટેમ્બરના રોજ મહાવીર હોલ પાસેથી રિક્ષામાં બેસીને જઈ રહ્યા હતા. દરમિયાન મારા કુર્તાના ખિસ્સામાંથી પડી ગયો હતો. જે મોબાઈલ તેમના ભાઈને મળ્યો હતો. તે દરમિયાન રિક્ષા ચાલક તથા એક મહિલાએ મોબાઈલ મારો છે તેવુ કહીને લઇ ગયા હતા. જયેન્દ્ર રજનીકાંત છાજેડની ફરિયાદના આધારે પાણીગેટ પોલીસે ગુનો નોંધી રિક્ષા ચાલક અને મહિલાની શોધખોળ હાથ ધરી છે.



અમી કેયુર પટેલ, અમદાવાદી પોળ


રાજુભાઈ તેમજ પદ્માબેન કાટકર, માંજલપુર


અમદાવાદી પોળ


જ્યોતિ પાર્ક સોસાયટી, સમા


મયુર-ગૌરવ, કાર્તિક્યનગર, ગોત્રી-વાસણા રોડ


શુભલક્ષ્મી સોસાયટી, હરણી વારસીયા રીંગ રોડ